For Private Circulation Only

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to Comprehensive Development Of Persons with Disabilities

# B.P.A. Bulletin

YEAR 2021-22 ▲ VOLUME : II ▲ JULY-2022

(This Bulletin is available on website : www.bpaindia.org)

BULLETIN

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## હેન્ડીકા ઈવી ટ્રાઈસીકલ પ્રારંભ કાર્યક્રમ



શારિરીક અક્ષમ દિવ્યાંગજનો માટે એ.ટી.સી.બી, બીપીએ દ્વારા વિક્સિત કરવામાં આવેલી ટ્રાઈસિકલ છે તેમાં એક જગ્યાએથી બીજી અન્યત્ર જગ્યાએ સરળતાથીઆવન-જાવનમાં તેઓની ઝડપ વધે તેમજ તેઓને શારિરીક શ્રમ ના થાય તે માટે ટેકનોલોજી યુગમાં શારિરીકદિવ્યાંગજનો માટે “ઈલેક્ટ્રોનિક ચાર્જીંગ ટ્રાઈસીકલ” “એલ્ટર ઈવી કન્વર્સન પ્રા. લિ” દ્વારા શ્રી યશ રામાણી તેમજ મંથન પટેલ  દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ ટ્રાઈસીકલમાં બેટરીની ક્ષમતા ૨૫ થી ૧૦૦ કિ.મી સુધીની છે. આમ કંપની દ્વારા દિવ્યાંગજનો માટે બનાવવામાં આવેલી સહુ પ્રથમ ૫ પાંચ ટ્રાઈસીકલોનું વિતરણ મારફતિયા એન્ડ કંપનીનાં શ્રી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી રાજેશભાઈ શાહ દ્વારા જરૂરિયાત મંદ દિવ્યાંગજનોને આપવામાં આવશે. બીપીએ કેમ્પસમાં યોજાયેલ એક કાર્યક્રમમાં ઈ.વી.ટ્રાઈસીકલ તા.૨૦/૦૭/૨૦૨૨ નાં રોજ આપવામાં આવી હતી.  આ પ્રસંગે પ્રથમ ટ્રાઈસિકલના વિતરણમાં અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી સંદિપ સાંગલે, ડીડીઓશ્રી અનિલભાઈ ટી. ધામેલિયાનાં વરદ્ હસ્તે બીપીએમાં આઈટીઆઈ વિભાગમાં ડીટીપીનો કોર્સ કરતી વિદ્યાર્થીની શ્રી નીતાને આપવામાં આવી હતી.

## વિઝન સેન્ટર શુભારંભ ઉનાવા-ગાંધીનગર

નેત્ર તકલીફના માનવ સમૂદાય માટે આંખનાં રક્ષણ હેતુ સતત પ્રયત્નશીલ બીપીએ પોરેચા આંખની હોસ્પિટલ દ્વારા અને ભગવતી રેપર કોસ્ટનાં સૌજન્યથી ૧૩(તેરમાં) વિઝન સેન્ટરનું બીપીએ દ્વારા ઉદ્ઘાટન ઉનાવા-ગાંધીનગર ખાતે  તા. ૨૦-૦૫-૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું. આ સેન્ટર ચલાવવા માટેની જગ્યા વિદ્યાર્થી આશ્રમ ઉનાવા દ્વારા આપવામાં આવી છે. આ સેન્ટરનાં ઉદ્ઘાટન પ્રસંગે સામાજિક અગ્રણીઓમાં શ્રી નરેન્દ્રભાઈ પટેલ વિદ્યાર્થી આશ્રમનાં ચેરમેનશ્રી, શ્રી મંગલદાસ પટેલ પુખરાજ હોસ્પિટલ ચેરપર્સન કેળવણી મંડળ સાથે શ્રી જશુભાઈ પટેલ પ્રમુખશ્રી અને અન્ય ટ્રસ્ટીશ્રી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.



## રૂફટોપ સોલર પાવર સિસ્ટમ - ઉદ્‌ઘાટન




વાઘબકરી કંપનીનાં સહયોગથી બીપીએનાં બિલ્ડીંગ નં ૮ નાં ટેરેસ ઉપર રૂફટોપ સોલર પાવર સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ સોલર પાવર સિસ્ટમનો શુભારંભ તા.૦૮/૦૬/૨૦૨૨ના રોજ કરવામાં આવ્યો ત્યારે વાઘબકરી ચ્હા કંપનીનાં વરિષ્ઠ હોદ્દેદારો શ્રી પંકજભાઈ, શ્રી રસેશભાઈ, શ્રી ક્રિષ્ણાબેન, શ્રી પરાગભાઈ, શ્રી પરેશભાઈ, શ્રી પ્રિયમભાઈ અને કંપનીનાં એક્ઝીક્યુટીવશ્રી ઉપસ્થિત રહ્યાં હતાં સાથે બીપીએ જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભુષણ પુનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ તેમજ બીપીએ પદાધિકારીશ્રી, કર્મચારીગણ કાર્યક્રમમાં રહ્યાં હતા.

## ડે-કેર સેન્ટર - નખત્રાણા

ફિજીયોથેરાપી સેન્ટર તીવ્ર દિવ્યાંગતા ધરાવતા અને માનસિક મંદતા માટે નખત્રાણા, ભૂજ ખાતે તા. ૧૬ જૂન ૨૦૨૨નાં રોજ ડે-કેર સેન્ટર નો પ્રારંભ બીપીએ દ્વારા કરવામાં આવ્યો છે. આ સેન્ટરનાં ઉદ્‌ઘાટન સમયે મુખ્ય અતિથિ શ્રી ડૉ. મેહુલભાઈ બરાસરા - ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી બળવંતભાઈ રાજદે-કચ્છ, લોહાણા મહાજન પ્રમુખશ્રી, શ્રી અરવિંદભાઈ રોહિડિયા ડાયરેક્ટર સમાજ સુરક્ષા કચ્છ જિલ્લાશ્રી ભરતભાઈ દરજી-મામલતદાર નખત્રાણા શ્રી વસંતભાઈ કોડરાણી ભૂતપૂર્વ પ્રમુખ અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગૃપ, શ્રી જયેશભાઈ સચદે, પ્રમુખશ્રી યુવા સમિતિ ગુજરાત, શ્રી જયસુખભાઈ પટેલ, પંચાયત પ્રમુખ શ્રી નખત્રાણા તાલુકા લોહાણા મહાજન, શ્રી અરવિંદભાઈ જોશી, પ્રમુખશ્રી જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ, શ્રીમતી સંધ્યાબેન રાજેશભાઈ પાલાન, ઉપપ્રમુખશ્રી નખત્રાણા તાલુકા રહ્યાં હતાં.

આ સેન્ટરને ગતિશીલ અને સુચારૂ વહીવટી તેમજ કાર્યમાં સરળતા મળી રહે તે અર્થે લોહાણા સમાજે આ સેન્ટર માટે જગ્યા ફાળવી આપી છે.







## સંમ્મિલિત સેન્ટરમાં યુનિફોર્મ



દિવ્યાંગ વિદ્યાર્થીઓ સંમ્મિલિત શાળા સેન્ટરમાં શૈક્ષણિક તાલીમ દરમ્યાન સામાન્ય વિદ્યાર્થીઓ યુનિફોર્મ પહેરી ક્લાસરૂમમાં રહે તે માટે શ્રીમતિ ખજાનચી અને તેમની ટીમે તારીખ-૨૬/૦૭/૨૦૨૨ નાં રોજ નાઝ સેન્ટરની મુલાકાત લઈને તેઓએ પણ રૂા, ૭૩૫૦૦/- નાં યુનિફોર્મ શાળાનાં વિદ્યાર્થીઓ માટે આપ્યા હતા.

## ડે-કેર સેન્ટર પાલનપુર



દિવ્યાંગ ભૂલકાઓનાં ડે-કેર સેન્ટર, પાલનપુરનાં મુખ્ય દાતાશ્રી ડૉ. શંકરભાઈ કે. મેવાડાનાં જન્મદિન ઉજવણી પ્રસંગે તેઓએ સેન્ટરનાં બાળકો માટે તા. ૧૬-૧૭ જૂન - ૨૦૨૨ કાર્યક્રમ દરમ્યાન ૨,૦૦,૦૦૦/- રૂપિયા ડે-કેર સેન્ટર ફંડમાં આપ્યા હતા. આમ તેઓશ્રી દર વર્ષે હંમેશા દાનની સરવાણી કરે છે.

આ જન્મદિન ઉજવણી પ્રસંગે સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ અગ્રવાલ, શ્રી દિપકભાઈ શાહ-ટ્રેઝરર, શ્રી અમૃતભાઈ પટેલ ટ્રસ્ટીશ્રી, લાયન્સ ક્લબ ઓફ પાલનપુર પુષ્પાબેન પુરોહિત - દિવ્યાંગ સેન્ટર, ચેરમેનશ્રી તેમજ શ્રી કનુભાઈ દવે, વાસુભાઈ મોદી અને અંધજન મંડળ, વસ્ત્રાપુરનાં કો-ઓર્ડીનેટર-વનરાજસિંહ ચાવડા-દિવ્યાંગ સેન્ટર કર્મચારી ગણ તેમજ દિવ્યાંગ ભૂલકાઓ હાજર રહીને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.

## દિવ્યાંગજન તાલીમ સેન્ટર



દિવ્યાંગતા આવવાથી વ્યક્તિનો માનવ વ્યવહાર અંશતઃ થઈ જાય છે અથવા થંભી જાય છે. પરિણામ સ્વરૂપે તે લાચાર, નિરાધાર અને નિઃસહાયતાનો અહેસાસ કરે છે. પરંતુ સ્પે. જરૂરિયાત ધરાવતા દિવ્યાંગજનોને સમયસર શિક્ષણ, તાલીમ, પુનર્વસન જો પ્રાપ્ત થાય તો તેઓ તેમની મુશ્કેલીઓમાં આંશિક રાહત પ્રાપ્ત કરે છે. અહીં આ ઉમદા ભાવનાથી દાતાશ્રી ઉષાબેન અતુલકુમાર નાં વરદ્ હસ્તે તારીખ ૧૨/૦૭/૨૦૨૨ નાં રોજ બીપીએ સેન્ટરનાં રનીંગ યુનિટમાં લાભાર્થીઓ માટે માતબર રકમ ૨૫,૦૦,૦૦૦ રૂપિયાનું દાન કર્યું હતું.

## યુનિયન બેંકનો દસક કાર્યક્રમ







યુનિયન બેંક ઓફ ઈન્ડિયા દ્વારા - દિવ્યાંગજનો સુલભ એટીએમ ઉપયોગ કરી શકે તે માટે બીપીએ પાસે સુલભ એટીએમ સુચારૂ રીતે ઓપરેટ કરવામાં કોઈ પણ તકલીફ વગર લગાતાર દસ વર્ષથી મુકવામાં આવ્યું છે. આમ આ એટીએમ મૂકતાં દસ વર્ષ સફળતાનાં પૂર્ણ થતાં બેંક દ્વારા તારીખ : ૦૬/૦૬/૨૦૨૨ નાં રોજ બીપીએ ખાતે ઉજવણી કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

## ટેબલેટ વિતરણ કાર્યક્રમ



દિવ્યાંગજનોને તેઓનાં શિક્ષણમાં ખાસ કરીને તાલીમમાં વિશેષ ઉપયોગી બની રહે તે માટે એમેઝોન કંપની યુથ ફોર જોબ દ્વારા ૧૦૦ ટેબલેટ તારીખ : ૧૦/૦૬/૨૦૨૨ નાં રોજ આપવામાં આવ્યા હતા.

## હોમિયોપેથિક ક્લિનીક



દિવ્યાંગજનોને આયુર્વેદિક દવાઓથી રાહત થાય તે માટે હોમિયોપેથીક ક્લિનિકનો શુભારંભ બીપીએનાં પ્રાંગણ બિલ્ડીંગ નં - ૮ માં કરવામાં આવ્યો છે. આ ક્લિનિકનું ઉદ્ઘાટન હોમિયોપેથીકનાં નિષ્ણાંત શ્રી ડૉ.ભાસ્કરભાઈ ભટ્ટ દ્વારા તારીખ : ૦૨/૦૫/૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું હતું. આ શુભારંભ કાર્યક્રમમાં બીપીએનાં ટ્રસ્ટીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, કર્મચારીગણ, સ્વયંસેવકશ્રી ઉપસ્થિત રહ્યાં હતા. આ ક્લિનીકમાં દરરોજ બે ડોક્ટરોની સેવાઓ ઉપલબ્ધ બની રહેશે.

## સ્વરોજગાર પ્રોત્સાહન



દિવ્યાંગજનો સ્વરોજગારી માટે સ્વમાનભેર જીવન વ્યતિત કરવા કાર્ય કરી શકે છે તેઓ સ્વમેળે ગૃહ ઉદ્યોગમાં પેપર બાઉલ બનાવી શકે તે માટે ઓટોમેટીક પેપર બાઉલ મેકીંગ મશીન આપવામાં આવ્યું હતું. આ મશીનમાં દાતાશ્રી નિકોલનાં શ્રી જયદિપભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું.જેની અંદાજીત કિંમત ૮૦,૦૦૦ રૂપિયા છે, આ મશીન બીપીએ અને એમ.એસ.એમ નાઝનાં તાલીમાર્થી દિવ્યાંગજનો માટે આપવામાં આવ્યું છે. આ પી.બી.એમ.એમનાં ઉદ્ઘાટન તારીખ ૧/૦૮/૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમમાં વિદ્યાથીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

## પ્રવેશોત્સવ

સ્પે. વિદ્યાર્થીઓ જીવનમાં કંઈક શીખવાની ઉત્કૃષ્ઠા સાથે માતા-પિતા તેમજ શિક્ષક મિત્રો સાથે સંવાદ કરી બીપીએનાં વિવિધ કેમ્પસોમાં ચાલતી શાળામાં પ્રવેશ મેળવે છે અને તેઓ વિવિધ વર્ગોમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરશે અહીં એમ.એસ.એમ નાઝ, એટીસીબી, સુમેરૂ સેન્ટર, બાવળા, સવિનય સંમ્મિલિત વિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ માં અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો હતો.






ATCB SCHOOL- BPA CAMPUS




BPA-SUMERU CENTRE



BAVLA SCHOOL



BPA-MSM-NAAZ CENTRE

## આધારકાર્ડ કેમ્પ






દિવ્યાંગ વ્યક્તિઓ તેમના આધારકાર્ડ મેળવવા અને તેઓને ખાસ સરળતાથી આધારકાર્ડ મળી રહે તે ઉદ્દેશ્યથી બીપીએનાં કેમ્પસમાં દિવ્યાંગજનોના આધારકાર્ડ કેમ્પ તા. ૨૧/૦૭/૨૦૨૨ નાં રોજ આયોજીત કરવામાં આવ્યો હતો.

દિવ્યાંગતામાં મગજનો લકવો, શ્રવણમંદતા સાથે અંધત્વ, બહુ વિક્લાંગતા ધરાવતાં સ્પે. બાળકોની ખૂબજ વિકટ પરિસ્થિતિ હોય છે તેમજ તેઓને સરકારી લાભ મેળવવા માટે આધારકાર્ડ ખૂબજ અગત્યનું હોય છે. એટલે અહીં જિલ્લા કલેક્ટરશ્રી આ બાબતે બાળકોની વાસ્તવિક પરિસ્થિતિથી અવગત થઈ જિલ્લા સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, ગાંધીનગર સાથે સંકલન કરી વિભાગ દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દિવ્યાંગ બાળકોનાં આધારકાર્ડ મળતાં તેઓના વાલીશ્રીઓએ જિલ્લા કલેક્ટરશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો સાથે સાથે અનાથ-દિવ્યાંગજનો સંસ્થામાં અહીં તાલીમ પ્રાપ્ત કરતા તાલીમાર્થીઓ માટે બીપીએ એક્ઝીક્યુટીવશ્રી દ્વારા તેઓની સમસ્યાઓ વિશે અવગત કરાતાં તેઓ માટે પણ જરૂરી કાર્ય અંગે કેમ્પ અધિકારીશ્રી દ્વારા સહકારની વાત દોહરાવી આગામી કેમ્પ માટે પણ જાણકારી આપી હતી.

## દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને ઓરબીટ સહાય



દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ ટેકનોલોજી યુગમાં શિક્ષણ, જ્ઞાન મેળવવામાં ક્યારેય પાછળ ન રહે તે માટે લિંકોન ફાર્માસ્યુટીકલનાં શ્રી મહેન્દ્રભાઈએ - દ્રષ્ટિક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ બની રહે તે માટે ૧૦૦ બ્રેઈલ ઓરબીટ સાધનો શ્રી હેલન-કેલરનાં જન્મદિને સહાય આપી હતી. દાતાશ્રી મહેન્દ્રભાઈ દ્વારા તેમની કંપની છેલ્લા ૩૦ વર્ષથી દિવ્યાંગજનો માટે હંમેશા સહયોગી બની રહ્યા છે.



## નેત્ર સંભાળ તાલીમ






અમૂલ્ય આંખની વધુ સાર-સંભાળ માટે બીપીએ પોરેચા આંખની હોસ્પિટલમાં આવતા લાભાર્થી દર્દીઓને વિશેષ થાય તે માટે બીપીએ પોરેચા આંખની હોસ્પિટલનાં કર્મચારીગણની ઓનલાઈન તાલીમ તા. ૦૪/૦૪/૨૦૨૨ નાં રોજ ગોઠવવામાં આવી હતી. આ તાલીમ અરવિંદ આંખ ઈન્સ્ટિટ્યુટનાં સહયોગથી સેવા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.

## વર્કશોપ આયોજન

સામાજિક ક્ષેત્ર સાથે જોડાયેલ "નોન ગર્વમેન્ટ ઓર્ગેનાઈઝેશન" એ સરકારી નીતિઓનાં અમલીકરણમાં નવી જોગવાઈઓ અને બદલાતા પરિપેક્ષ્ય સંદર્ભે વિશેષ કાયદાઓને સમજવાની તાતી જરૂરિયાત છે. જેમ કે આવકવેરા અધિનિયમ, ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલર એક્ટ FCRA તેમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટની વિવિધ જોગવાઈઓ અંતર્ગત કાયદાઓમાં નોંધપાત્ર ફેરફારો થયા છે.તેથી એનજીઓએ નવી જોગવાઈઓને અનુસરવાની, સમજવાની જરૂરિયાત છે. અહીં બીપીએ દ્વારા તા. ૧૬/૦૫/૨૦૨૨ નાં રોજ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે સુનિલ પારેખ, કો-ચેરં. ગુજરાત FICCI ડૉ. રાજેન્દ્ર ખિમાણી વાઈસ ચાન્સેલર, ગુજરાત વિદ્યાપીઠ, શ્રી પી.કે.લહરી અધ્યક્ષ સદવિચાર પરિવાર શ્રી વાય.એમ.શુક્લા ચેરીટી કમિશ્નરશ્રી આ વર્કશોપની અધ્યક્ષતામાં રહ્યાં હતાં.

આ તબક્કે વકતાઓએ ચેરીટી કમિશ્નરની ભૂમિકા અને એન.જી.ઓ દ્વારા જરૂરી અનુ પાલન વિશે ખ્યાલ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ચેરીટી લો વિશે સી.એ શ્રી કૌશિક પટેલ, શ્રી હાફિઝ દલાલ અને ધીનલ એ. શાહ દ્વારા એનજીઓ સબંધિત ઈન્કમ ટેક્ષ એક્ટ અને ફાઈનાન્સીયલ બીલ - ૨૦૨૨ વિષયક ખ્યાલ આપ્યો હતો આ સમયે સંસ્થાનાં હોદ્દેદારો વર્કશોપ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.






## માનસિક મંદતા તાલીમ



માનસિક મંદતા અંતર્ગત બીપીએ સંચાલિત કે.સી.આર.સી, ભૂજનાં કર્મચારીગણે માનસિક રોગની સારવાર કેવી રીતે થઈ શકે તેના વિષયક તાલીમ તા. ૧૬/૦૫/૨૦૨૨ ના રોજ મેળવી હતી.

## મીટીંગ




બીપીએનાં તમામ ટ્રસ્ટીશ્રીઓની તેમજ ડાયરેક્ટરશ્રી અને વિભાગનાં પદાધિકારીશ્રીઓની મીટીંગ બીપીએનાં બિલ્ડીંગ-નં - ૮ નાં ત્રીજા માળે વોકશનલ ટ્રેનીંગ સેન્ટરમાં તા. ૧૪/૦૬/૨૦૨૨ નાં રોજ સંસ્થા કાર્યો અંતર્ગત યોજાઈ હતી.

અહીં આ ફ્લોર ઉપર તા. ૪ અને ૫ જૂન - ૨૦૨૨ નાં રોજ ભારતમાંથી આવેલા દ્રષ્ટિક્ષતિ ફિજીયોથેરાપીસ્ટોની મીટીંગ પણ યોજાઈ હતી.

## દાદા-દાદી કાર્યક્રમ



નિરાધાર - નિ:સહાય, વૃધ્ધજનો કે જેઓને જીવનમાં જ્યારે ખૂબજ છેલ્લી ઘડીની અવસ્થામાં મુશ્કેલીઓ હોય છે ત્યારે બે ટાઈમ જમવાની તેઓને વિશેષ ચિંતા હોય છે ત્યારે અહી શહેરની ઝૂપડપટ્ટીનાં વૃધ્ધજનોને દાદા-દાદી કાર્યક્રમ હેઠળ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓની કીટ તારીખ ૨૮/૦૫/૨૦૨૨ નાં રોજ હોપ કમિટિનાં કાર્યક્રમથી મહિલા સદસ્યો દ્વારા આપવામાં આવી હતી.

## "ગ્લોબલ એક્સેસીબીલીટી અવેરનેસ"

સાર્થક એજ્યુકેશન ટ્રસ્ટના આયોજન દ્વારા "પેનલ ડિસ્કસન ઈવેન્ટ ઓફ ગ્લોબલ એક્સેસીબીલીટી અવેરનેસ" દિવસ તા. ૧૯/૦૫/૨૦૨૨નાં રોજ યોજાઈ હતી આ એક્સેસીબિલીટી ઈન્ક્લ્યુઝન ઓફ પીડબલ્યુડી એક્ટ અંતર્ગત સમાવેશી શિક્ષણમાં સુલભતા વિષયક કાર્યક્રમમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોશી ઉપસ્થિત રહ્યાં હતા.

## સીએસઆર સહયોગ



સી.એસ.આર દિવસની ઉજવણી ઓ.એન.જી.સી ના સહયોગથી તા. ૦૧/૦૬/૨૦૨૨ નાં રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બીપીએનાં પ્રતિનિધિ શ્રી તારકભાઈ લુહાર ઉપસ્થિત રહ્યા હતા.

## સેન્સ ઈન્ડિયા ઉજવણી કાર્યક્રમ



આ સેન્સ ઈન્ડિયા બધિરાંધ બહુ વિકલાંગ-દિવ્યાંગજનોનાં ક્ષેત્રમાં અવિરત કાર્યરત કાર્યનાં સમય કરતાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં તા. ૨૭ થી ૨૯ જૂન ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં - બીપીએનાં જનરલ સેક્રેટરી શ્રી ડૉ.ભૂષણ પુનાની તેમજ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાત વર્કશોપ વિઝન - ૨૦૨૦







"મોતિયા મુક્ત ગુજરાત" માટે ધ રાઈટ ટુ સાઈટ ગુજરાત ચેપ્ટર અને "નેશનલ પ્રોગ્રામ ફોર કન્ટ્રોલ ઓફ બ્લાઈન્ડનેસ" મોતિયામુક્ત ગુજરાત સરકાર દ્વારા તા. ૩૧/૦૭/૨૦૨૨ નાં રોજ બીપીએ ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૬ દ્રષ્ટિક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓનાં ૯૭ પ્રતિનિધિશ્રીઓએ મોતિયામુક્ત ગુજરાત અંતર્ગત વર્કશોપમાં ભાગ લીધો હતો.

## તાલીમ વર્કશોપ



ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાર દિવસીય સ્પે. દિવ્યાંગજનોને સ્વરોજગાર, રોજગાર માટે તાલીમ આપતા ડીડીયુ-જીકેવાય અંતર્ગત ૪ દિવસીય ગુજરાત યુનિવર્સીટી ખાતે તાલીમ કાર્યક્રમ તારીખ : ૨૯-૦૭-૨૦૨૨ નાં રોજ યોજાઈ હતી. બીપીએનાં પ્રતિનિધિશ્રી તરીકે ભદ્રેશભાઈ જાદવ તેમજ મિત્તલબેન ઠાકર હાજર રહી તાલીમ પ્રાપ્ત કરી હતી.

## ઠાસરા મુલાકાત



ખેડા જીલ્લાનાં ઠાસરા તાલુકા ખાતે નેત્ર સારવાર કેન્દ્રની મુલાકાતે બીપીએનાં એક્ઝીક્યુટીવ શ્રી નંદિનીબેન રાવલ, શ્રી વિમલબેન થાવાણી અને શ્રી મિહીરભાઈ જાની દાતાશ્રીઓ માટે યોજીત મીટીંગમાં તારીખ : ૧૧/૦૫/૨૦૨૨ નાં રોજ ઉપસ્થિત રહ્યાં હતા.

## વર્કશોપ આયોજન



"નેશનલ કન્સલ્ટન ઓફ સિવિલ સોસાયટી" સંસ્થા દ્વારા ત્રિદિવસીય વર્કશોપમાં બીપીએનાં કર્મચારીશ્રી વનરાજ ચાવડા અને શ્રી દીપા જોશીએ તારીખઃ ૨૦/૦૫/૨૦૨૨ નાં રોજ હોટલ પ્રેસીડન્ટ અમદાવાદ ખાતે ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન સેન્સ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



## સિલાઈ તાલીમ કાર્યક્રમ



દિવ્યાંગ બહેનોને સ્વરોજગારી મળી રહે તે ઉદ્દેશ્યથી ૨૦ મહિલાઓને ૧૦ દિવસીય સિલાઈ તાલીમ કાર્યક્રમ, પાલીતાણા, ગુજરાત ખાતે સી.એસ.આરનાં સમસરાગ્રુપ (આર.એલ.સી એજન્સી લિ. અને સી ટ્રેડ શોપીંગ એજન્સી લિ) નાં ઉપક્રમે તારીખ : ૦૧/૦૬/૨૦૨૨ નાં રોજ યોજાઈ હતી.

## નિવૃત કર્મચારી કાર્યક્રમ



બીપીએનાં કર્મચારીશ્રીઓએ તેમની નોકરીનાં કાર્ય કાળ દરમ્યાન નિષ્ઠા, ખંતથી પોતાની ફરજ અદા કરી હતી તેઓએ અહીં વય નિવૃતિનાં કારણે તેઓનો વિદાય સત્કાર સમારંભ આયોજીત કરવામાં આવ્યો હતો તેમાં શ્રી દામજીભાઈ હડિયલ, શ્રી પારિતોષ દવે, શ્રી હસમુખ શ્રીમાળી, શ્રી જગદીશભાઈ પરમારનો વિદાય કાર્યક્રમ બીપીએ વેલ્ફેર સોસાયટી દ્વારા તારીખ ૨૯-૦૭-૨૦૨૨નાં રોજ બીપીએનાં પ્રાર્થનાં હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાનાં જનરલ સેક્રેટરીશ્રી, એકઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, પદાધિકારીશ્રી, કર્મચારીગણ તેમજ આમંત્રિતો ઉપસ્થિત રહી વય નિવૃતિ કર્મચારીશ્રીઓને નિવૃતિ પછીનું જીવન તંદુરસ્ત રહે તેવા આશીર્વચન પાઠવ્યા હતાં.

## ટેલેન્ટ સર્ચ



દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓની સંગીત ક્ષેત્રે સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે માટે દર વર્ષે દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે. આ વર્ષે પણ બીપીએનાં પ્રાર્થના હોલમાં તારીખ : ૨૮/૦૭/૨૦૨૨ થી ૩૦/૦૭/૨૦૨૨ દરમ્યાન દ્રષ્ટિક્ષતિ ધોરણ ૧ થી ૧૨ નાં વિદ્યાર્થીઓએ સંગીત કલાનાં કાર્યક્રમમાં સુર-સંગીતમાં જુદા જુદા પ્રાચીન, અર્વાચીન, ગીતો ગાવા અને વાજીંત્રો વગાડવા માટે સંગીતનાં વિશે પ્રતિભા દર્શાવવા સ્વૈચ્છિક રીતે પોતાના નામની નોંધણી કરાવી ટેલેન્ટ સર્ચમાં ભાગ લીધો હતો.











## ફુટબોલ, ચેસ ટુર્નામેન્ટ



ચેસ ચેમ્પીયનશીપ જી.સી.એ.વી.સી દ્વારા અને દિપક ફાઉન્ડેશનનાં સહયોગથી યોજાઈ હતી તેમાં બીપીએનાં આસીસ્ટન્ટ ફિજીયોથએરાપીસ્ટ શ્રી ચિરંતન મેસરિયા ત્રીજી ચેમ્પીયનશીપમાં વિજેતા રહ્યાં હતાં.

ફુટબોલ રમતમાં દ્રષ્ટિક્ષતિ રમતવીર વિષ્ણુ વાઘેલાની બીપીએનાં આંતરરાષ્ટ્રીય ઈવેન્ટમાં મેક્સીકો ખાતે ગુજરાતમાંથી પસંદગી થઈ છે.



## બીપીએ મુલાકાત



અમદાવાદ જિલ્લા સોશ્યલ ડિફેન્સ વિભાગનાં ચીફ ઓફિસરશ્રી હેતલબેન પરમારએ તારીખ : ૧૫/૭/૨૦૨૨નાં રોજ બીપીએ સંચાલિત એટીસીબી સ્કુલ અને હોસ્ટેલ, બીપીએ લાયોનેસ કર્ણાવતી હોસ્ટેલ, મેન્ટલ હાઈજનિક ક્લીનીક તેમજ બ્રેઈલ પ્રેસ સાથે વિઝન ઈન ધ ડાર્ક મ્યુઝિયમની મુલાકાત લીધી હતી તેઓ દિવ્યાંગજનો માટે સતત કાર્યરત સંસ્થાનાં ભગીરથ પ્રયાસોથી અભિભૂત થયા હતાં.

## ચેસ ચેમ્પીયન ટુર્નામેન્ટ



ચેસ ચેમ્પીયન ટુર્નામેન્ટમાં રાજ્ય સ્તરે વડોદરા ખાતે તારીખ : ૩ થી ૫ જૂન દરમ્યાન દ્રષ્ટિહીનો માટે ચેસ ચેમ્પીયનશીપ રાજ્ય સ્તરે યોજાઈ હતી તેમાં બીપીએનાં શ્રી ચિરાગ ગુપ્તાને સ્પોન્સર્ડ દ્વારા ૨૫,૦૦૦ રૂા. કેશ અને ટ્રોફીનું ઈનામ પ્રાપ્ત થયું હતું જ્યારે રાહુલ સહાની એ.ટી.સી.બી.વિદ્યાર્થીને ત્રીજુ ઈનામ પ્રાપ્ત થયું હતું.

## બીપીએ પોરેચા - ચેક અર્પણ

બીપીએ - પોરેચા, આંખની હોસ્પિટલ, બારેજા ખાતે રેટિના વિભાગ માટે દર્દીઓને અદ્યતન સાધનોથી સુવિધા ઉપલબ્ધ બની રહે તે માટે તારીખ : ૦૧/૦૬/૨૦૨૨ નાં રોજ હોસ્પિટલની મુલાકાતે યુ.એસ.એથી આવેલા શ્રી વિનય શાહે સંસ્થાનાં જનરલ સેક્રેટરીશ્રીને ચેક અર્પણ કર્યો હતો.



## ઈઝરાયેલ એમ્બેસેડર મુલાકાત



બીપીએનાં દિવ્યાંગ ભૂલકાઓને પ્રત્યક્ષ નિહાળવા માટે ઈઝરાયેલનાં સન્માનીય એમ્બેસેડર શ્રી નરોગી લોન અને કાઉન્સિલ જનરલ ઓફ ઈઝરાયેલનાં શ્રી કૌબી સહાની ઈઝરાયેલ અને ઈન્ડિયાનાં એમ્બેસેડેર તરીકે લીધી હતી આ મુલાકાત તારીખ : ૧૦/૦૮/૨૦૨૨નાં રોજ રક્ષાબંધનનાં પવિત્ર તહેવારે થઈ હતી.આ સમયે દિવ્યાંગ બાળકોએ બનાવેલી રાખડીથી ઈઝરાયેલનાં એમ્બેસેડર શ્રી ને દિવ્યાંગ ભૂલકાઓએ તેમનાં હસ્તે રાખડી બાંધી તેમનું ઉષ્મા ભર્યુ સ્વાગત કર્યું હતું. આ સમયે ઈઝરાયેલનાં એમ્બેસેડર શ્રી તેમજ પ્રતિનિધિશ્રીઓએ મુલાકાત દરમ્યાન સંસ્થાની અનેક વિધ દિવ્યાંગજનોની પ્રવૃતિઓ નિહાળી અભિભૂત થયા હતા.

## રોજગાર ભરતી




"પ્લેસમેન્ટ લિંક સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ" હેઠળ યુથ ફોર જોબ ફાઉન્ડેશન અને અંધજન મંડળ, વસ્ત્રાપુરનાં સંયુક્ત ઉપક્રમે તેમજ ટાટા મોર્ટસનાં સહયોગથી દિવ્યાંગજનોને રોજગારી આપવા માટે એક મંચ પર ઈન્ટરવ્યુ કરીને ટાટા મોર્ટસ લિમીટેડે સાણંદ પ્લાન્ટ માટે ૧૨ દિવ્યાંગ બેરોજગારોની ભરતી કરવામાં આવી હતી.

આમ સમાજમાં રહેતા દિવ્યાંગજનોને પણ હૂંફ, સથવારો અને રોજગારીથી આવક પ્રાપ્ત થાય તેમજ દિવ્યાંગજનો પણ મહેસૂસ કરે છે કે અમે પણ સમાજનું એક અભિન્ન અંગ છીએ.

## મરણોત્તર એવોર્ડ

દિવ્યાંગજનોનાં કલ્યાણ અર્થે કાર્ય કરતા સ્વ. શ્રી એસ. કે. ખજાનચીએ મરણોત્તર એવોર્ડ તા. ૦૯/૦૬/૨૦૨૨ નાં રોજ બીપીએનાં પોરેચા ઓડીટોરીયમમાં આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્નેહીજનો તેમજ પરમહંસ યોગાનંદ ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.








## જન્મદિન ઉજવણી





બીપીએનાં માનદ સેક્રેટરી (ટ્રસ્ટીશ્રી) ફુટરમલભાઈ પોરવાલ નાં ૭૫ માં જન્મદિવસ ની ઉજવણી કરવા ઉજવાયો હતો. આ કાર્યક્રમ બીપીએનાં બિલ્ડીંગ નં - ૮ નાં ઓડીટોરીયમમાં તારીખ : ૧૭/૦૫/૨૦૨૨ નાં રોજ યોજાયો હતો. તેમાં સંસ્થાનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહે તેઓને શાલ ઓઢાડી ગીફ્ટ આપી હતી. આ સમયે બીપીએ નાં જનરલ સેક્રેટરીશ્રી, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, પદાધિકારીશ્રી, કર્મચારીગણ સૌ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.





## અભિનંદન

હાયર એજ્યુકેશન ફાયનાન્સ કમિટિ દ્વારા "ગુજરાત વિદ્યાપીઠ" માં સભ્યશ્રી તરીકે ત્રણ વર્ષ માટે તારીખ :૦૧/૦૪/૨૦૨૨ થી બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભૂષણ પુનાનીની નિમણૂંક થઈ છે.

ભારતીય પુનર્વસન પરિષદમાં નિષ્ણાંત કમિટિનાં સદસ્ય તરીકે બીપીએનાં શ્રી ડૉ. ભૂષણ પુનાની, જનરલ સેક્રેટરીની નિમણૂંક થઈ છે. આ કમિટિ દ્વારા સ્પે. શિક્ષકશ્રી ના તાલીમ કાર્યક્રમ ઓરીએન્ટેશન અને મોબીલિટી સ્પેશ્યાલીસ્ટ દ્રષ્ટિક્ષતિ અને લો-વિઝન તાલીમાર્થી તાલીમનું રાષ્ટ્રીય સ્તરે કાર્ય છે.

## દ્રષ્ટિક્ષતિ મહિલાઓનો તાલીમ કાર્યક્રમ



દ્રષ્ટિક્ષતિ ધરાવતી મહિલાઓ ઘરનાં કાર્યો તેમજ સામાજિક ક્ષેત્રમાં અગ્રેસર બને તે માટેના પ્રયાસોમાં જીવન કૌશલ્યો ખિલવવા માટે ૧૫ દિવસની તાલીમનું આયોજન નવિન ફ્લોરિન લિમિટેડ તરફથી મળેલી ગ્રાન્ટના નેજા તળે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ૨૫ વર્ષથી ઓછી વયની યુવતીઓને રસોઈ વ્યક્તિત્વ વિકાસ, જીવન કૌશલ્ય અંતર્ગત તા. : ૧૫/૦૬/૨૦૨૨ થી તા. ૩૦/૦૬/૨૦૨૨ સુધી તાલીમ આપી તેમાં આ સોફ્ટ સ્કિલ ડેવલપમેન્ટ તાલીમ હેઠળ દ્રષ્ટિક્ષતિ બહેનોને સ્વાદિષ્ટ વાનગીઓ કેવી રીતે બનાવવી તે શીખવવામાં આવ્યું હતું જેમ કે શારિરીક તંદુરસ્તી માટે ફાડાની ખીચડી, સલાડ, શુદ્ધ મિઠાઈ, સુખડી વગેરે બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. આ તબક્કે નિરમા યુનિવર્સિટીનાં શ્રી આભા નાણાંવટીએ દ્રષ્ટિક્ષતિ મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીપીએનાં એડવોકેસી મેનેજર શ્રી કિન્નરીબેન દેસાઈએ કર્યું હતું.



## રક્ષાબંધન ઉજવણી



દ્રષ્ટિહીન બહેનોએ રક્ષાબંધનનાં પવિત્ર તહેવારે ગુજરાત રાજ્યનાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રાખડી બાંધી ત્યારે મુખ્યમંત્રીએ પણ બહેનોને શુભેચ્છા આપી હતી.

## કોમનવેલ્થ ગેમ્સ - બર્મિંગહામ - ૨૦૨૨

પેરા ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં રમતવીરા બીપીએનાં શ્રી ભાવિના પટેલે ગોલ્ડ મેડલ બર્મિંગ હામમાં અને સોનલ પટેલે બ્રોન્ઝ મેડલ કોમન વેલ્થ ગેમ્સ -૨૦૨૨માં જીતીને બીપીએ તેમજ રાજ્ય અને દેશનું નામ રોશન કર્યું છે.





## નેપાળ ટીમ મુલાકાત



નેપાળ સરકારનાં "રીડીંગ ફોર ઓલ પ્રોગ્રામ" ના અમલીકરણ અંતર્ગત વિવિધ પાર્ટનર્સના કોલોબ્રેશન સાથે "સેન્ટર ફોર એજ્યુકેશન" અને હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ (સી.ઈ.એચ.આર.ડી) નેશનલ સેન્ટર ફોર એજ્યુકેશન ડેવલપમેન્ટ, કરીક્યુલમ ડેવલપમેન્ટ સેન્ટર અને એજ્યુકેશન રિવ્યુ ઓફિસ અંતર્ગત 'એનજીઓ' અને ઓર્ગેનાઈઝેશન પીપલ્સ વીથ ડિસેબીલીટી - વર્કીંગ નેપાળ ટીમ દ્વારા બીપીએની મુલાકાતે તારીખ : ૨૨/૦૮/૨૦૨૨ થી ૨૭/૦૮/૨૦૨૨ દરમ્યાન આવ્યા હતા. આ દરમ્યાન ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ, દિવ્યાંગજનોનાં કાર્ય વિષયક વિવિધ સ્તરે માહિતી, તાલીમ પ્રાપ્ત કરીને નેપાળમાં દિવ્યાંગજનોનાં ક્ષેત્રે ઉમદા કાર્ય માટે જાણકારી મેળવી હતી.

## ફુટબોલ ટુર્નામેન્ટ



**મહિલા રાષ્ટ્રીય અંધ ફુટબોલ ટુર્નામેન્ટમાં બીપીએનાં બે મહિલા ફુટબોલ ખેલાડીઓને રનર અપ ટ્રોફી પુનામાં મેળવી વિજેતા બન્યા હતા.**

**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gchscbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની, સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ

## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

You can Donate through G Pay / Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

Razorpay: bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap: https://milaap.org/fundraisers/support-education-and-rehablitation-services-to-children-with-disabilities